# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ચઢ્યાં દિલ્હીના રવાડે પ્રદર્શન થઇ ગયું!
બુદ્ધિ વિનાની નકલ, પ્રદર્શન થઇ ગયું!
ખોડ્યો ગામમાં ખોકીંડો, પ્રદર્શન થઇ ગયું!
થ્યું કાયમી શિરદર્દ - પ્રદર્શન થઇ ગયું!
(ટ્રાફિક જામ - ટાળા - ડાઇવર્ઝન)

## હાઈકુ

ટ્રાફિક જામ!
પ્રદર્શન થઇ ગ્યું -
અવ્યવસ્થાનું..

ચકલી નાની -
દિલ્હી ઇસારે ભરે -
ફૈડકા મોટા!!

## ચિંતન

**સુહૃદિ નિરંતર ચિત્તે ગુણવતિ મૃત્યે પ્રિયાસુ નારીષુ ।**
**સ્વામિનિ શક્તિ સમેતે નિવેધ દુઃખઃ જનઃ સુખી ભવતિ ॥**

'ભેદભાવ વિનાના, નિખાલસ, પવિત્ર નિર્મળ હૃદયવાળા મિત્રને, ગુણવાન-આજ્ઞાંકિત સેવકને, પ્રિય પત્ની-પ્રિયતમાને અને શક્તિશાળી સ્વામી (શેઠ-બોસ-માલિક)ને પોતાનું દુઃખ-આપત્તિ સમસ્યા જણાવીને - દુઃખ-ચિંતાનો ભાર હળવો કરીને માણસ સુખી થાય છે.'

હૃદયનો ભાર-દુઃખ-ચિંતા-સમસ્યા કોની પાસે વ્યક્ત કરવી એનું આ શ્લોકમાં માર્ગદર્શન આપવામાં આવ્યું છે. સારા-સાચા-વિશ્વાસુ-નિકટના નિષ્કપટી મિત્રને કહેવું,

વર્ષો જુનો-કુટંબી જેવો થઇ ગયેલો, વિનયી આજ્ઞાંકિત નોકર-ચાકરને કહેવું,

પત્ની-પ્રિયતમા (સ્ત્રી વર્ગ લખ્યું છે) કહેવું ઘણીવાર (સ્ત્રી જો પ્રિય ન હોય તો) દુઃખ કહેતાં જ પતિ-પ્રેમીના દોષ-વાંક-સ્વભાવની કથા કરવા બેસે છે તેથી ચિંતાના ભારમાં ગુસ્સો ઉમેરણ થાય છે આવી સ્ત્રી-પત્ની-પ્રિયતમા પાસે હૃદયનો ભાર હળવો ન થાય વધે - અને શક્તિશાળી માલિક-શેઠ-બોસ અધિકારી જે આશ્વાસન સાથે મદદરૂપ પણ થઇ શકે એવા શક્તિશાળી સ્વામીને કહેવું.

## સુવિચાર

- ગયા જન્મમાં કરેલા સારા કે ખરાબ કર્મો આ જન્મમાં 'ભાગ્ય' તરીકે ઓળખાય છે.. આથી દરેક જણો આ જન્મમાં વિશ્રામ કર્યા વગર સખત પુરુષાર્થ કરવો જોઇએ- **ધર્મસૂત્ર**
- સુખની ઇચ્છા રાખનારાએ વિદ્યાની અને વિદ્યાની ઇચ્છા રાખનારે સુખની આશા છોડવી જોઇએ - **સુભાષિત**
- મળેલા હાજરાહાજુર સુખનો ત્યાગ કરીને ન મળેલા સુખની આશા કરવીએ બુદ્ધિમાનનું લક્ષણ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- યુવાનીમાં જોયેલા સપનાંઓને સાર્થક કરવાનો શ્રેષ્ઠ સમય ૨૦ થી ૪૦ વરસનો જ છે.. ૬૦મા વર્ષે જે જોઇતું હોય તે મેળવવાની શરૂઆત ૨૦મે વર્ષે જ કરી દેવામાં શાણપણ છે - **રમણ મહર્ષિ**
- સજીવ સૃષ્ટિનાં દરેક જીવને જે પોતાની જેવું જુએ છે.. એ જ સાચું જુવે છે- **ફાધર વાલેસ**
- આ વિશ્વમાં જેટલા લોકો દુઃખી છે તે એટલા માટે છે કારણ કે એમની ઇચ્છાઓ પોતાના સુખ માટેની છે અને આ વિશ્વમાં જેટલા લોકો સુખી છે એટલે માટે છે કારણ કે એમની ઇચ્છાઓ બીજાના સુખ માટેની છે - **ડો. વિજળીવાળા**
- જે થનાર છે તેવી અનિવાર્ય ઘટનાઓનો જો પ્રતિકાર થઇ શકતો હોત (એને ટાળી શકાઇ હોત) તો નળ, રામ અને યુધિષ્ઠિર દુઃખી ન થયા હોત - **શાહબુદ્દિન રાઠોડ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સંસારરૂપી નાટકના મંચ પર આપણે સૌને જુદાં જુદાં પાત્ર ભજવવાના હોય છે પિતા-પુત્ર-માતા-ભાઇ-બહેન-સાસુ-સસરા-પુત્રવધુ વગેરે એ માત્ર-વેશ અભિનય સંપૂર્ણ નિષ્ઠાથી બજવવો- ભજવવો જોઇએ.. એને વફાદાર રહીએ તો જ જીવન સફળ થાય.

એક બહુરૂપી સાદા પોતાના જ વેશમાં રાજા પાસે ગયો અને કહ્યું હું 'હું બહુરૂપી' નો ધંધો-કલાકાર છું. પણ મારી પુત્રીના લગ્ન છે એટલે આપની પાસે સહાય માટે આવ્યો છું.

રાજા કહે હું એક વાર તારા બહુરૂપી વેશની પરીક્ષા કરીશ પછી જ દાન આપીશ. એમ કહી ટાળ્યો.

થોડા દિવસ પછી ગામમાં એક જટાધારી મૌનીબાબા આવ્યા. બે-ત્રણ દિવસથી ખાધાપીધા વિના એક પગે ઊભા હતા. ગામવાળા દૂધ-ફળ-પૈસા આપે પણ અડે પણ નહીં - બોલે પણ નહીં. રાજાના કાને વાત ગઇ. રાજા ખૂદ ચાંદીના સિક્કા લઇને ગયો. મૌની બાબાએ આંખ પણ ન ખોલી.

સાધુ રાતોરાત તમામ પૈસા મંદિરે મૂકી અદૃશ્ય થઇ ગયો. બધાને આશ્ચર્ય થયું.

પેલો બહુરૂપી રાજા પાસે ગયો. કહ્યું હું જ 'મૌની બાબા' હતો. રાજા કહે તો તે બધી આવક મંદિરે કેમ મૂકી દીધી તને તો જરૂર હતી જ ને! બહુરૂપી કે સાધુના વેશમાં મારાથી પૈસા ને ન અડકાય.

રાજા ખૂશ થયો અને ઇનામ આપ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# પતિ-પત્ની શા માટે એકબીજાના જીગરી દોસ્ત નથી થઇ શકતા?

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

પતિ-પત્ની શા માટે એકબીજાના જીગરી દોસ્ત નથી થઈ શકતાં? વર્ષો સુધી એક છાપરા નીચે સાથે રહીને સંસારની જવાબદારીઓ નિભાવતાં હોવા છતાં ઘણી વખત બન્નેનું જીવન બે સમાંતર પાટા જેવું કેમ હોય છે? બન્નેનાં દિલનો-લાગણીઓનો સંગમ કેમ નહિ થતો હોય ? પતિ-પત્ની એકબીજાના ખાસ ઘનિષ્ઠ અને અંતરંગ મિત્ર ન બની શકે?

લગ્નનાં થોડાં વર્ષો થાય છે અને મનમાં થવા માંડે છે, સામી વ્યક્તિ બદલાઈ ગઈ છે! પહેલાંના પ્રેમનો રંગ ફિક્કો થતો લાગે છે. પ્રેમમાં ઓટ આવતી હોય એવું લાગે છે. ક્યારેક દામ્પત્યજીવનમાં આવું બનતું હોય છે, તો ક્યારેક આવો ભ્રમ પણ થતો હોય છે. આવું કેમ થાય છે એનો શાંતિથી વિચાર કરીશું તો લાગશે કે વાસ્તવમાં આપણે પ્રેમ શું છે - પ્રેમ એટલે શું એ સમજતાં નથી હોતાં! સંવનનકાળની સ્વપ્નીલ અવસ્થા - દામ્પત્યજીવનનો પ્રારંભિક સમય અને ગૃહસ્થ-જીવન-આમાં પ્રણયનો રંગ બદલાતો રહે છે. મશ્કરીમાં કહેવાય છે કે લગ્ન એટલે જ પ્રેમની મુગ્ધતાનું મૃત્યુ ..... **Death of Romance**! આપણે ઈચ્છીએ છીએ કે આવો રોમાંટિક પ્રેમ બસ, સતત ચાલુ રહે ! આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણો પતિ કે આપણી પત્ની આપણી લાગણીઓને - સ્પંદનોને ઝીલે - એને યોગ્ય પ્રતિસાદ આપે - આપણા દિલની ર્મિઓને - આપણાં શમણાંને સમજે અને એમાં સહભાગી થાય એવો એક દિલદાર - સંવેદનાનો સાથી આપણને સાંપડે. આવી કોઈ વ્યક્તિ મળી જાય તો બસ! જિંદગી બન જાયે.

મને ક્યાંક વાંચેલો આ સુંદર પ્રસંગ યાદ આવે છે. એક યુવાન છોકરી. અત્યંત સંવેદનશીલ, પ્રેમ વિશે-લગ્ન વિશે-જીવનસાથી વિશે એણે અનેક સુંદર સ્વપ્નાં સેવેલાં. એવી એક વ્યક્તિ એને મળી ગઈ. એ તો ખુશખુશ થઈ ગઈ. લગ્ન કર્યા. ત્રણ-ચાર વર્ષ થયાં અને એને મનમાં થવા માંડ્યું, આ શું થઈ ગયું? મારે શું જોઈતું હતું અને શું મળ્યું ? પ્રેમમાં રોમાન્સ જ નહિ ? આવા શુષ્ક-નીરસ લગ્નજીવનને ટકાવી રાખવાનો શો ફાયદો? અને એક દિવસ એના પતિને એ કહી દે છે. આપણો સંબંધ મને બેચેન બનાવે છે. મને ગૂંગળાવે છે. મારી ભાવનાઓને તારા તરફથી પ્રતિસાદ નથી મળતો* આના કરતાં છૂટાં થઈએ તો?

પતિ આ સાંભળી સ્તબ્ધ જ થઈ ગયો. તને મારામાં-મારા પ્રેમમાં શી ણપ લાગે છે? હું શું કરું જેથી તારો વિચાર બદલાય? પતિએ એને પૂછ્યું.

તને હું કહું કે દૂર આવેલા પેલા પહાડની ટોચ પર એક સુંદર ફૂલ ખીલ્યું છે, એ મારે જોઈએ છે. તું મારે માટે એ ફૂલ તોડી લાવશે? એમાં તારા જીવનનું જોખમ હોય - ખૂબ જ વિકટ હોય તોપણ તું મારે માટે એ ફૂલ ચૂંટી લાવે ખરો? યુવાન સાંભળી રહ્યો, થોડી વાર રહી એણે કહ્યું, આનો જવાબ હું તને કાલે આપીશ. આટલું કહી એ યુવાન ઘરનું બારણું બંધ કરી ચાલ્યો ગયો.

પેલી યુવતી મનમાં ને મનમાં એના પર ગુસ્સો કરતી બેસી રહી. એણે નહોતું કહેવું જોઈતું કે તારે માટે આ ધરતી પરનું ફૂલ તો શું પણ આભના તારા પણ તોડીને તારા પાલવમાં મૂકું?

પણ એનામાં એવું બધું છે જ ક્યાં? સાવ અરસિક થઈ ગયો છે! ગુસ્સામાં અને રડવામાં રાત વીતી ગઈ. એ સવારે ઠે છે અને જુએ છે, તો ડાઈનિંગ ટેબલ પર એક પત્ર. એના પર પેપરવેઈટ મૂકેલું છે. એ પત્રમાં એના પતિએ લખ્યું હતું.

હું તારે માટે ફૂલ તોડવા નહિ જાઉં. હું વખતોવખત તને ફૂલ અને નાનીમોટી ભેટ નથી આપતો. વાતવાતમાં ડીઅર અને ડાર્લિંગ નથી કહેતો. ઑફિસેથી થાક્યોપાક્યો આવી તને તરત ભેટી નથી પડતો. તારા સૌંદર્યની પ્રશંસા નથી કર્યા કરતો, પણ હું શું કરું છું તે જાણવું છે તારે?

તારી મહેનત જયારે નિષ્ફળ જાય છે, તું નિરાશ થાય છે ત્યારે હું તારી પાછળ ભો રહું છું. તારે ખભે હાથ મૂકું છું. કૉમ્પ્યુટર પર તું કામ કરતી હોય છે, જયારે તારા કોઈ સોફ્ટવેર પ્રોગ્રામમાં મુશ્કેલી આવી પડે છે - એ રદ થઈ જાય છે અને તું નિરાશ થઈ સ્ક્રીન સામે આંખમાં આંસુ સારતી બેઠી હોય છે ત્યારે હું તારી પાછળ ભો રહી મારી આંગળીઓથી તારાં અશ્રુ લૂછું છું. તને સાંત્વન આપી તારા કામમાં મદદ કરું છું. મારી ઈચ્છા તો આપણે બન્ને સાથે વૃદ્ધ થઈએ અને હું તારા દુઃખતા પગને માલિશ કરું એ છે. મને ખાતરી થશે કે તને મારા કરતાં કોઈક વધુ ચાહે છે ત્યારે પહાડ પરનું ફૂલ ચૂંટ્યા વગર હું મરી જઈશ. પેલી યુવતી એના પતિનો આ પત્ર વાંચતી ગઈ અને રડતી ગઈ. એની આંખોમાંથી ઝરતાં અશ્રુઓથી કાગળના કેટલાય અક્ષરો છેકાઈ ગયા. પતિએ છેલ્લે લખ્યું હતું તેં મારો પત્ર વાંચી લીધો હોય અને સંતોષ થયો હોય તો તું આપણું આગલું બારણું ખોલજે. હું તારી રાહ જોતો ભો હોઈશ. દૂધની બાટલી અને છાપાંની માફક -

યુવતી દોડતી ગઈ અને બારણું ખોલ્યું. એનો પતિ ચિંતાતુર મોંએ દૂધની બાટલી અને તાજો બ્રેડ લઈ ભો હતો. યુવતીને ખાતરી થઈ ગઈ હતી કે રોમાન્સ એટલે પ્રેમનો ભરો. ફૂલ જેવો મોહક લાગે, પણ એનો રંગ પણ કાચો. રોમાંટિક ક્ષણો સંબંધની સપાટી પર હોય છે. ધીમે ધીમે સમય વીતતાં સાથે સુખ-દુખ ઝીલતાં ઝીલતાં એ ગાઢ અને પાકો થતો હોય છે. આવો પ્રેમ જ જીવવા માટેનું પૂરતું બળ હોય છે.

આપણે જાણીએ છીએ કે કોઈ પણ માનવસંબંધ સંપૂર્ણ નથી હોતો, છતાં દરેક સંબંધ કોઈને કોઈ રીતે અનોખો હોય છે અને સંબંધ જે હોય તેને સજાગતાથી અને પ્રયત્નથી વધુ સુંદર અને રસમય બનાવી શકાય. એ માટે જીવનમાં નાનીમોટી વાતોને-સ્વભાવભેદને કે આદતોને બહુ વિરાટ સ્વરૂપ આપવાનું ન હોય. રાઈનો પહાડ ન બનાવાય. સમગ્ર વ્યક્તિ અને જીવનના પરિસરમાં જોઈએ તો એનું મહત્વ કેટલું ? પરંતુ, જીવનમાં મહદંશે તો રોજ રોજની પ્રત્યેક ઘડીએ નાની નાની બાબતો સાથે જ નિસબત રહેતી હોય છે. નાનીમોટી નિરાશાઓ અને મુશ્કેલીઓ વચ્ચે આપણે જીવવાનું હોય છે, એટલે જ સુખદ દામ્પત્યનો આધાર રોજિંદી કહી શકાય એવી નાની નજીવી ઘટનાઓને આપણે કેવી રીતે ઝીલીએ છીએ - એના પ્રત્યે આપણે કેવો પ્રતિભાવ દાખવીએ છીએ એના પર રહે છે.

કોઈ મને પૂછે કે દામ્પત્યજીવન ઉત્સાહભર્યું-ધબકતું-ચેતનવંતુ કેવી રીતે રહી શકે ? એની પાછળ મુખ્ય કયું તત્વ કામ કરતું હોય છે ? તો કદાચ હું કહું કે જયારે પતિ-પત્ની બન્ને એકબીજાનાં ઘનિષ્ઠ અને પરમમિત્ર બની જાય ત્યારે આનું મુખ્ય કારણ એ છે કે ગાઢ આત્મીય સહચર્ય માટે પ્રેમ તો આવશ્યક છે જ, પરંતુ મૈત્રી વગરનો પ્રેમ માત્ર શુષ્ક કર્તવ્યમાં ધીમે ધીમે સરી જતો હોય છે. પરંતુ જો પતિ-પત્ની લગ્ન પછી બન્ને એકબીજાનાં જીગરી મિત્ર બની શકશે તો ઘણું બધું આપોઆપ ઠીક થઈ જશે, કારણ ખબર છે? બે સાચા મિત્રો એકબીજાની અપૂર્ણતા સમજી જાય છે અને એને સ્વીકારી લે છે. મિત્રો વચ્ચે વિચાર-વિનિમય અને ભાવસંક્રમણ થતું રહે છે. બે મિત્રો એકબીજાની વાત ધ્યાનપૂર્વક અને દિલપૂર્વક સાંભળે છે. જરૂર વખતે બન્ને ગંભીર બની જાય છે, નહિ તો બન્ને સાથે હસે છે, બોલે છે અને મજા કરે છે. સારા સમયમાં મિત્ર આનંદમાં ભાગીદાર બને છે અને મુશ્કેલીની વખતે સાથે ભો રહે છે. મિત્ર એકબીજાનાં સ્વપ્નાંની વાત સાંભળે છે અને એમાં ટેકો અને સાથ આપવાનો પ્રયત્ન કરે છે. બસ ! પતિ-પત્નીએ પણ જીવનમાં અન્યોન્ય માટે આટલું જ કરવાનું હોય છે ને? એકબીજાનાં યોગદાનની કદર કરવાની હોય છે, આદર કરવાનો હોય છે.

મુશ્કેલી એટલા માટે ભી થાય છે કે લગ્ન પછી પહેલાં જે બે મિત્રો હતાં તે પતિ-પત્ની બની જાય છે ! પોતાના પાર્ટનર પાસે ખૂબ જ અપેક્ષાઓ રાખે છે. સતત એમની માગણી ચાલુ હોય છે અને પતિ કે પત્ની જાણે એમની માલિકીની ચીજ ન હોય એવાં **'Possessive'** થઈ જાય છે. સ્વામીત્વ અને માલિકી ! આ બન્ને દામ્પત્યના સુકોમળ પુષ્પને મુરઝાવી દે છે ! દામ્પત્યજીવનનો આદર્શ સતત સમર્પણ નથી, પણ મને લાગે છે કે સખ્ય છે-મૈત્રી છે, જેમાં બેઉનું પરિપૂર્ણ સ્વાતંત્ર્ય-પરિપૂર્ણ સમર્પણ અને બન્નેનો વિકાસ ગૃહિત છે. જીવનમાં મૈત્રી અને સખ્ય તો સમાનતાની ભૂમિકા પર જ સ્થપાઈ શકે - જેમાં સંબંધ તૂટવાનો - ગેરસમજણનો કે માઠું લાગી જવાનો સતત ભય કે ગભરાટ ન હોય, પણ વિચાર-વિનિમયમાં મોકળાશ હોય.

તમારા સુખમાં અને દુખમાં-સારા અને નરસા સમયમાં કોઈક તમારે પડખે ભું રહેશે એ મૈત્રીની આવશ્યકતા છે. પતિ-પત્ની બન્ને એકબીજાની સાથે ખુલ્લા દિલે પોતાની મુશ્કેલની, ચિંતાની કે વ્યથાની વાત કરી શકવા જોઈએ, પરંતુ ઘણી વાર પતિ-પત્ની પોતાનાં મનનાં દ્વાર બીજા સમક્ષ ખોલી શકતાં નથી. એમની વચ્ચે આવો વિશ્વાસ નથી હોતો તો પછી એકબીજાનાં અંગત-અંતરંગ ગાઢ મિત્ર કેવી રીતે બની શકે ? એમની વચ્ચે જયારે મૈત્રીનું સુંદર સરોવર લહેરાઈ શકતું નથી ત્યારે એ માત્ર સહ-વાસ જ રહે છે, સહજીવન બનતું નથી. પરંતુ એક વખત મૈત્રીનું પુષ્પ ખીલી ઠશે તો સાત પગલાં સાથે ચાલીને આરંભેલું દામ્પત્ય આનંદના આકાશમાં ડવાની દિશા ઉઘાડી આપશે.

**(ક્રમશઃ)**

# આજકાલ જેલમાંથી કેદીઓ ભાગી જવાની ઘટનાઓ આપણે અવારનવાર સાંભળીએ છીએ ત્યારે મને પણ મનમાં એક વખત પ્રશ્ન થયેલો કે આ પક્ષીઓ ને પણ કયારેક પીંજરની આ બંધનાવસ્થામાંથી મુક્ત થઇને ગગનમાં વિહાર કરવાની ઇચ્છા થતી હશે કે નહીં

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

મોટા મોટા ગુંદાને બે વૃક્ષો, લીમડા અને રેઇન ટ્રીના મોટા ઝાડની બરાબર મધ્યમાં હોવાના કારણે તે વૃક્ષોની ઘટાઓને કારણે જયાં હંમેશા છાંયા અને ઠંડક રહે છે તેવા પક્ષીગૃહની આ જગ્યા મને ખુબ જ ગમે છે. મને કોઇએ કહેલું કે હરણોદ્યાન બન્યા બાદ એક વધારાનું આકર્ષણ ઉમેરવા અહીં નાના નાના ત્રણ-ત્રણ પાંજરા સામસામે બનાવવામાં આવેલ તેની ઉપર પતરાં છે એન સામેની બાજુ જાળીઓ નાંખેલી છે. બાકીની ત્રણ બાજુ ઇંટ ચુનાનું ચણતર છે. તેના પર કયાંક પ્લાસ્ટર કરાયેલ છે. તો કયાંક ઇંટો ખવાઇ ગયેલ નજરે પડે છે. અહીં વિદેશી પક્ષીઓ રાખવામાં આવેલ છે. તેમાં કોકોટીલ, લવબર્ડસની સાથે સાથે રેવીદેવી ઘુવડ અને ગાજ હંસ પણ રખાયા છે. આ બદાં અહીં કયાંથી આવ્યા હશે? એ પ્રશ્ન મને પણ થયેલો અને તેનો જવાબ શોધતાં એવું જાણવા મળેલું કે આપણા લોકો દેખાદેખીમાં ઘણી વખત પ્રાણીઓ કે પક્ષીઓને પાળવાનો શોખ કેળવી લેતાં હોય છે પણ તેને સાચવવાની મુશ્કેલી પડે અથવા તો પોતાને બીજે જવાનું થાય ત્યારે તેમને માટે આ જાનવરો ઉપાધી રૂપ થઇ પડતાં હોય છે તે વખતે આ તેમનું આશ્રય સ્થાન બની જાય છે.

હા, મને જાણવા મળ્યા મુજબ અહીં પણ એવું જ કંઇક બન્યું હતું, ગાંધીનગરમાં વસતા કોઇ ઉચ્ચ અધિકારીના પિતાને પક્ષીઓ પાળવાનો શોધ જાગ્યો હશે. સરકારી બંગલો, તેની વિશાળ જગ્યા આગળ મોટો બગીચો હોય એટલે આવો શોખ પુરો સહેલાઇથી થઇ શકે. તે બહારથી કોકોટીલ નામે ઓસ્ટ્રેલિયન પક્ષીઓ લઇ આવ્યા. તેની સાથે સાથે નાનાં નાનાં ટચુકડા ચકલીથી પણ નાનકડાં, અને ચીં...ચીં... કરીને કલરવથી આગણું ગજાવતાં લવ બર્ડ પણ લઇ આવેલાં. તેમનાં માટે સુંદર મજાના પીંજરા બનાવી તેમાં રાખ્યાં. પણ પછી તેમના માટે પળોજળ શરૂ થઇ. આ પક્ષીઓને ખોરાકમાં જીવજંતુઓ કે ઇયળો જોઇએ. તે સિવાય તૃણધાન્ય એવી ડાંગ એ ખાતા તેથી ડાંગ ખવડાવવાનો ઉપક્રમ રાખેલો, પણ પક્ષીઓ અવારનવાર બિમાર થાય, વળી તેનાં પાંજરાની સાફસૂફી નિયમિત કરાવવા છતાં હગાર ને કારણે વાસ આવતી તેથી અધિકારીની પત્ની અને ઘરનાં બીજા લોકોને આ પક્ષીઓ હવે દીઠાં ન ગમતાં નહોતા. તેમાં વળી અધિકારીની બદલી દિલ્હી થઇ. તેમનો નાનો ભાઇ વિદેશમાં વસતો તેણે પિતાને પોતાની સાથે લઇ જવાની ઇચ્છા પ્રદર્શિત કરી.

પણ હવે આ પક્ષીઓનું કરવું શું? એક વિકટ પ્રશ્ન ઊભો થયો. ત્યારે વન વિભાગના એક અધિકારી તેમની નજીકમાં રહેતા હતા. તેમને પક્ષીઓને પ્રકૃતિ ઉદ્યાનમાં આપી દેવાની સલાહ આપી. આમ આ પક્ષીઓ પ્રકૃતિ ઉદ્યાનના મહેમાન નહીં કાયમી નિવાસી બની ગયા. તે માટે પિંજરા બન્યા તેની સાથોસાથ નાનકડું એક તળાવ પણ બનાવવામાં આવ્યું. તેમાં તરતા હંસોને જોવા એ એક લ્હાવો હતો. ઘટાદાર વૃક્ષોની આચ્છાદિત આ સ્થળે મોર પણ બહુ આવે છે. રેવીદેવી ઘુવડ પણ કયાંક ઘાયલ થયેલ મળ્યું હશે એટલે એ પણ આવી ગયું. જુદાં જુદા પાંજરામાં મુકાયેલ આ પક્ષીઓ પ્રકૃતિ ઉદ્યાનના મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. પીંજરાઓની આસપાસ અને નાના તળાવને ઘેરીને ચેન લીંક નંખાઇ છે. આજકાલ જેલમાંથી કેદીઓ ભાગી જવાની ઘટનાઓ આપણે અવારનવાર સાંભળીએ છીએ ત્યારે મને પણ મનમાં એક વખત પ્રશ્ન થયેલો કે આ પક્ષીઓ ને પણ કયારેક પીંજરની આ બંધનાવસ્થામાંથી મુક્ત થઇને ગગનમાં વિહાર કરવાની ઇચ્છા થતી હશે કે નહીં. તે માટે તેમને કોઇ પ્રયત્ન કર્યા હોય અથવા કયારેક પીંજરું ભૂલતી ખુલ્લું રહી ગયું હોય અને બહાર નીકળવાનો મોકો મળી ગયો હોય તો તેઓ શું કરે. આ બાબતે વર્ષોથી અહીં આ પક્ષીઓની જાળવણી, સાંચવણી અને દેખભાળ કરતા ગોવિંદ ને મેં એકવાર પુછેલું, ત્યારે જાણવા મળેલું કે કોકોટીલ એક વખત બહાર નીકળી ગયેલા પણ પછી પાછાં પાંજરામાં આવી ગયા. મને આ વાત જરા આશ્ચર્યજનક લાગી. હા, ભૂલથી પાંજરું ખુલ્લું રહી જાય તો પછી બહાર તો નીકળી જાય પણ એ પાછા શું કામ આવે. આઝાદી.... મુક્ત ગગનમાં વિહાર કરવાનું મેમને તો ખુબ ગમે. પણ ગોવિંદ મને જે વાત કરી તે ખુબ જ રસપ્રદ અને આશ્ચર્ય પમાડે તેવી છતા કંઇક અંશે સાચી અને વ્યવહારુ લાગી. કારણ કે બહારના જોખમો અને ભયસ્થાનોને જોતાં સલામતી ને મહત્ત્વ અપાય તે વાત આ પક્ષીઓ પણ જાણતાં હતા.

ગોવિંદે કહ્યું કે આ વાત થોડા સમય પહેલાં બનેલી વાત છે. એક દિવસ સવારમાં આવીને મેં પહેલાં તો પાંજરાની આજુબાજુની સાફસફાઇ કરી પણ પાણી છાંટ્યું. અને તે પછી નિત્યક્રમ મુજબ પાંજરાની અંદર સફાઇ કરવા માટે પાછળના ભાગે બનાવેલ ડૉકા બારી જેવી જગ્યાનું ઢાંકણ ખોલીને હું અંદર પ્રવેશ્યો. પીંજરાની અંદર તાર બાંધી તેની વચ્ચે નાના નાના લાકડીના ટૂકડાના ઝૂલા બનાવેલા તેના પર કોકોટીલ બેઠા હતા. તેમના માટેની કાંગની ડીશ અને પાણીનું પાત્ર સાફ કર્યું. તેમાં નવું પાણી ભર્યું. પીંજરાને બરાબર સાફ કર્યું. પીંજરાની જાળીને ઝાપટ ઝુપટ કરતો હતો ત્યારે પક્ષીઓ એ જરા ઉડાઉડ કર્યું હોય એવું મને લાગ્યું હતું. પણ ત્યાં પિંજરની બહાર ઊભેલ એક દંપતીને તેનું બાળક પુછતું હતું. ડેડ આમાં બર્ડસ તો દેખાતા નથી? આ સાંભલી હું ચમક્યો. હાં બન્યું હતું એવું કે હું અંદર પ્રવેશ્યો ત્યારે ડૉકાબારી જેવી જગ્યાનું અંદર પ્રવેશવાનું ઢાંકણ બંધ કરવાનું હું ભૂલી ગયેલો. તેનો લાભ લઇને કોકોટીલ ભાગી ગયાં. હું તો ગભરાઇ ગયો. હવે મારી નોકરી જતી રહેવાની. શિયાળાની ઠંડીમાં પણ મને પરસેવો વળી રહ્યો હતો, ત્યાં એક પક્ષીવિદ આવ્યા. તેમને માથે હેટ પહેરેલી હતી. દૂરબીન અને કેમેરા તે હંમેશા સાથે રાખતા. અમે તેમને લાલસિંહ કાકા કહેતા. તેમને પાંજરું ખાલી જોઇને મને પુછ્યું. મેં તમને સાચે સાચી વાત કરી. તેમણે કહ્યું કે ગોવિંદ તું ગભરાઇ નહીં. આ વિદેશી પક્ષીઓ છે. તેમને અહીંનું બહારનું વાતાવરણ માફક નહીં આવે વળી ખોરાક અને પાણી કયાંથી મેળવવું એ પીંજરામાં રહીને મોટા થયેલાં આ પક્ષીઓ ને આવડતું હોતું નથી. હાં એ ખરું કે કોઇ શિકારી પક્ષીઓનો એ શિકાર ન થઇ જાય તેનું ધ્યાન રાખવું પડે.

પણ લાલસિંહ કાકા એ દેખાવાં તો જોઇએ ને એ તો ઊડીને કયાંક જતાં રહ્યાં હશે.

ના એ આટલામાં જ હોવા જોઇએ. એમ કહી એ પોતાના દૂરબીનથી આજુબાજુના ઝાડો ઉપર જોવા લાગ્યા. જોતા જોતા એ તો દૂર સુધી નીકળી ગયા. પણ થોડીવાર પછી એ પાછા આવ્યા અને ગોવિંદને કહ્યું, ગોવિંદ આનંદના સમાચાર છે. જો જુના ટ્યુબવેલની પાછળના ભાગે ઝાડની ઉપરની ટોચે બંને કોકોટીલ બેઠાં છે. ગોવિંદને તો વાતનો વિશ્વાસ ન પડતો ન હતો. પણ એ તેને સાથે લઇ ગયા અને દૂરબીનથી બતાવ્યા. બંને એ જ હતા. ગોવિંદે કહ્યું મારા બાપ નીચે આવો.

એ એમ અત્યારે નીચે નહીં આવે. ભુખ્યા થશે તો કદાચ આવશે.

સાહેબ, આ કોકોટીલે મને ત્રણ દિવસ બરાબર ફિલ્ડીંગ ભરાવેલી. ન કોઇને કહેવાય કે ન સહેવાય. એકવાર તો મધીયો બાજ બરાબર તેમની પાછલ પડેલો. ત્યારે તેમને ભાગાભાગ કરતાં જોઇને મારો જીવ અદ્ધર થઇ ગયેલો. પણ નસીબ જોગે બંને બચી ગયા તેમના માટે કાંગ પાથરીને હું બેસી રહેતો. બંને સામેના ગુંદાના ઝાડની નીચેની ડાળીએ આવીને બેસતાં અને જોયા કરતાં કયારેક પાંજરા પાસે આવે ને પાછાં ઊડી જાય. એક દિવસ તો નીચે ન ઉતર્યા પણ પછી ભૂખ્યા થયા એટલે બીજે દિવસે નીચે ઉતર્યા, કાંગ ખાધી પાણી પણ પીધું. મને લાલસિંગ કાકાએ કહેલું કે પકડવાનો પ્રયત્ન કરતો નહીં, પણ મારાથી રહેવાયું નહીં એટલે ટોપલો લાવી તેમના પર ઢાંકવા ગયો પણ એ તો ફૂરરર... કરતાં ઊડી ગયા.

આટલું બધું થયું. તો પાર્કના બર્ડ બ્રિડર કે એનિમલ કીપરને તે ખબર નહોતી આપી - મેં કહ્યું.

કહીને શું કરું, મારી નોકરી જાય.

પણ એ લોકો કોઇને કોઇ રોજ અહીં આવતા તો હશે ને?

હાં પણ પક્ષીઓનું સંભાળતા હતા એ નળસરોવર પક્ષી ગણતરીમાં ગયેલા. પાર્ક વોર્ડન સાહેબ આવેલા ખરા પણ એ કોઇ વી.આઇ.પી. મુલાકાતીઓ સાથે હતા. તેથી કંઇ પુછપરછ કરી નહોતી. પણ પછી ઘીના ઠામમાં ઘી પડ્યું અને મારી નોકરી બચી ગઇ. '

'એ કરી રીતે?'

ત્રીજે દિવસે મેં યુક્તિ કરી. કાંગના થોડા ઘણાં પીંજરાની બહાર વેર્યા. અને બાકીના પાંજરાના જે ઢાંકણમાંથી આ પક્ષીઓ નીકળી ગયેલા તેની અંદરની બાજુએ ડીશમાં કાંગ ભરીને મુકી અને ઢાંકણ ખુલ્લું રાખી હું દૂર બેસી રહ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સામાજિક નિસબત ધરાવતા લેખક, રાષ્ટ્રહિત ચિંતક, બળદેવભાઇ ઓઝા આજે પણ ચિંતન કરે છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

૧૯૯૪માં સર્જક બલદેવભાઇ ઓઝાએ પોતાની પીડાને સર્વગ્રાહી પીડા બનાવી 'કુદરતની કલમે' ઉમદા પ્રેરણાદાયી પુસ્તક સર્જ્યુ તેનો અંશ જોઇએ...

"નીતિના રસ્તે ચાલનારને સુખ. અનીતિનાં માર્ગે ચાલનારને દુઃખ." આ વૈજ્ઞાનિક સત્ય છે. જેનું નિયમન કુદરત કરે છે.

"કુદરતની કલમે" નાં મારા સાથી મિત્રો આવા ભ્રષ્ટાચારી શાંતિલાલ, કુલઘાતી ધનંજય, મા-બાપની આંતરડી કકળાવનાર રામજી, ઘમંડી સુરભિ વહુ, સૌને શીશામાં ઉતારનાર રાજુભાઇ, ભ્રષ્ટાચારી પોલીસ અધિકારી ગનુભાઇ કે પાખંડી એવો દુલા પટેલ. આ સૌ આજે પણ હયાત છે. સૌએ ભરપેટ અનીતિ આચરીછે. ખૂબ જ શક્તિશાળી એ કાબેલ હોવા છતાં અસત્યના અપરાધ થકી આ સૌએ જીવતે જીવ કુદરત દ્વારા દંડાયા છે. સરકાર કે સમાજમાં એમનો કોઇ વાળ વાંકો કરી શકે એમ નથી એવી એમની માન્યતામાં તેઓ કયાંક ફાવ્યા છે પરંતુ કુદરતની કાનૂન સંહિતા હેઠળ સૌ અચૂકપણે ગુન્હેગાર સાબિત થયા છે. કુદરતનો દંડ બહુ આકરો હોય છે. એમ છેવટે આ સૌને સમજાયું છે.

એકમાત્ર પૂજાપાઠ કે હોમ-હવન કરવાથી માનવીને પૂણ્ય મળે છે, એવા એકાંગી પ્રચારે માનવજાતને ખૂબ મોટું નુકશાન કર્યું છે. કોઇ કોઇએ તો આ વાતને ઇશ્વર પ્રાપ્તિ અને મોક્ષ સુધી લંબાવી દીધી છે. પૂજાપાઠ-કર્મકાંડ તો મનની શાંતિ અને નિજાનંદ માટે છે, જગતના કલ્યાણ માટે નહીં. આ બાબતમાં ભયંકર દંભ ચાલે છે.

તેઓનું મંથન આગળ વધે છે અને ૧૯૯૫માં તેઓ 'કળિયુગનું મારણ' પુસ્તક સર્જે છે, તેઓ નોંધે છે, 'આઝાદી બાદ ઘણાં ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ થઇ છે. પરંતુ નીતિમત્તાના ક્ષેત્રોમાં ભોપાળું થવાથી, વધતી સમૃદ્ધિની સાથોસાથ વાસ્તવિક સુખમાં ગાબડાં પડતાં જાય છે.

વિકાસના ત્રણ તબક્કા આપણે સિદ્ધ કર્યા છે. હરિયાળી ક્રાંતિ દ્વારા ખાદ્યક્ષેત્રે સ્વાવલંબન. સ્થાનિક સંસ્થાઓને સ્વાયત્તા દ્વારા સત્તામાં લોકોની ભાગીદારી અને ઉદારીકરણની નીતિ દ્વારા કોમ્પ્યુટર યુગમાં પ્રવેશીને આધુનિક ભારતની રચના. સામે પક્ષે સાંસ્કૃતિક વિનિપાતનાં ક્ષેત્રે પણ ત્રિપાંખી હુમલા દ્વારા આપણે ઝડપથી આગળ વધતાં રહ્યા છીએ.'

રાજકીય તકવાદ અને આયારામ ગયારામ સંસ્કૃતિનાં વિકાસ દ્વારા પ્રજાના લોહીમાં રહેલ વફાદારી અને વચનબદ્ધતાના ગુણોની નાબુદીનું પ્રથમ તબક્કાનું કાર્યસફળ રીતે પૂર્ણ થયેલ છે. સંયમ અને સદાચારને ભારતીય સંસ્કૃતિનો આધાર સ્તંભ ગણાતો. વિદેશી ચેનલોનું બેરોકટોક પ્રસારણ, કેબલ સિસ્ટમ, વ. માધ્યમોએ મૂલ્યોનું ધોવાણ કરી નાખ્યું.'

'કુદરતની કલમે'માં તેનો પોઝિટિવ મિજાજ રજૂ થયો છે જેમ કે,

'છેલ્લા પચાસ વર્ષથી આ દુનિયામાં છું. પંદરેક વર્ષની ઉંમર પછી વૈજ્ઞાનિક પદ્ધતિથી નિરીક્ષણ કરવાની ટેવ પડી. મતલબ કે પાંત્રીસ વર્ષનો જાત અનુભવ. આ અનુભવને આધારે મને એક વૈજ્ઞાનિક સત્ય જાણવા મળ્યું. આપણાં ઋષિ-મુનિઓએ તો ગાઇ વગાડીને આ સત્યની ઘોષણા કરી છે. પરંતુ થોડાસમય માટે સરખી રહીને પછી વારંવાર બગડી જતી આ દુનિયા ઇરાદાપૂર્વક સત્ય વસ્તુને ભૂલી જવાય એવું વાતાવરણ ખડું કરી દે છે. ખાસ કરીને સમાજનાં મોભીઓ આવું કરે છે.'

લગભગ બે દાયકા પહેલા લખાયેલા આ બંને પુસ્તકો લેખક ઓઝાની રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની, લોકો પ્રત્યેની પીડાને વાચા આપે છે.

'આજના ભ્રષ્ટાચારનું પૌરાણિક નામ કળિયુગ હતું. ભ્રષ્ટાચારનો ભોરીંગ-શ્રીમંત-ગરીબ સૌને પીડે છે. આઝાદીનાં મીઠા ફળો સદગૃહસ્થો સુધી પહોંચવા નહીં દેવામાં ભ્રષ્ટાચારે પ્રમુખ ભૂમિકા ભજવી છે. સામે પક્ષે દોમ દોમ સાહ્યબી છતાં ભ્રષ્ટાચારજન્ય અપરાધીકરણ અને આતંકવાદે શ્રીમંતોના હર્યાભર્યા સુખચેન માટે પડકાર ઊભો કર્યો છે. રાત વરત ગામને શેઢે જણાતી અસલામતી હવે દિવસના અજવાળે ઘરનાં આંગણા સુધી પહોંચી છે. ભ્રષ્ટાચાર એક પછી એક કોઠા પાર કરી, મંદિરના દ્વાર સુધી પહોંચ્યો છે.'

રાજકોટમાં પ્રવીણ પ્રકાશન ઉમદા પ્રકાશન કાર્ય કરે છે. પ્રકાશક ગોપાલભાઇ બલદેવભાઇને અભિનંદન આપતા કહે છે કે, "ભારતની વર્તમાન અને ભાવિ રાજનીતિ" અંગેનો તાદૃશ ચિતાર આપતી આપની નવલકથા "રામ-કૃષ્ણ દર્શનનાં દેશમાં ઠગ અને પીંઢારા" રાષ્ટ્રપ્રેમી રાજપુરુષોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. હાલની રાજકીય પરિસ્થિતિનું તપસ્પર્શી વિશ્લેષણ ઉપરાંત આ રાજકારણીઓ હજૂ કેટલી હદ સુધી જઇ શકે છે તેનું યથાર્થ દર્શન કરાવીને આપે આ સાહિત્ય રચના દ્વારા લોકોની ચેતના ઢંઢોળવાનો પ્રશંસનીય પ્રયાસ કરે છે.

**(ક્રમશઃ)**